# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૯/ક્વા–૦૨/૧૬–૧૭/ ૬૫૧૮ તા. ૨૧/૧૦/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નાથા સોમા સાદીયા,
રહે. કડીયા પ્લોટ,
વણકર વાસ,
શેરી નં.–૦૨,
પોરબંદર

વિષય :–વીજપોલ ખસેડવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૯/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉર્ધોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૯૯/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૬–૧૦–૧૬ | સ્થળ :પોરબંદર |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: નાથા સોમા સાદીયા,ગામ: પોરબંદર,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ઉર્ધોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)**

**રજુઆત કરનાર :એચ.આર.લાખાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી , પોરબંદર**

## : હુકમ :

**ફરીયાદ : વીજપોલ ખસેડવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના રહેઠાણવાળી શેરી ૧૨ ફુટ ની પહોળાઈ વાળી છે, અને આ શેરી મા પીજીવીસીએલ નો લોખંડ નો થાંભલો, ૦૪ ફુટ ની જગ્યા રોકી અને ઉભો કરાયેલ છે. આ વીજપોલ બીન જરૂરી છે, અને તેમા ડીપી પણ આપેલ નથી અને કોઈ કનેકશન પણ આવેલ નથી. આમ, આ થાંભલા પર કોઈ વીજતાર કે હાર્ડવેર કે જમ્પર નથી. બીન વપરાશી થાંભલો છે. જેથી, નડતરરૂપ આ થાંભલો ખસેડવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની અગાઉ ની અરજી મા જણાવ્યા મુજબ તેઓના રહેઠાણવાળી શેરી ૧૨ ફુટ ની પહોળાઈ વાળી શેરી મા અગાઉ, જે લોખંડ નો થાંભલો, જે ખરેખર શેરી મા નડતર રૂપ હતો, તે થાંભલો, અગાઉ અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, પીજીવીસીએલ દ્વારા અગાઉ દુર કરવામા આવેલ હતો. આમ, જે તે સમયે અરજદાર શ્રી ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હતુ. ત્યારબાદ, અરજદાર શ્રી ની સવાલવાળી અરજી મા જણાવ્યા મુજબ નો, સવાલવાળો થાંભલો, જે માત્ર સલામત જગ્યા પર જ, એટલેકે નજીક ના મકાન થી બીલકુલ સલામત અંતર મુજબ જ ઉભો છે. જેથી, સદર થાંભલો, શેરી ની જગ્યા ને રોકતો નથી અને નડતરરૂપ પણ નથી. ફરીયાદી અરજદાર શ્રી ને સદર બાબત વિસ્તૃત રીતે સમજાવતા, સદર થાંભલો, જે નડતર રૂપ ન હોવાની બાબત ફરીયાદી શ્રી એ માન્ય રાખેલ છે. આમ, હવે તેઓ શ્રી ને સદર થાંભલા બાબતે, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૬–૧૦–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર, અરજદાર શ્રી એ પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ નો થાંભલો, જે માત્ર સલામત જગ્યા પર જ, એટલેકે નજીક ના મકાન થી બીલકુલ સલામત અંતર મુજબ જ ઉભો છે. જેથી, સદર થાંભલો, શેરી ની જગ્યા ને રોકતો નથી અને નડતરરૂપ પણ નથી. ફરીયાદી અરજદાર શ્રી એ સદર બાબત, જે રાજીખુશી અને સમંતી થી માન્ય રાખેલ છે. આમ, હવે તેઓ શ્રી ને સદર થાંભલા બાબતે, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૬–૧૦–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર, અરજદાર શ્રી એ પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદ્દા નં.–૪:

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એમ. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**